# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2554 ❖ માર્ગશીર્ષ પૂર્ણિમા ❖ 21 ડિસેમ્બર 2010 ❖ વર્ષ – 11 ❖ અંક – 09 ❖ સળંગ અંક - 129

## ધમ્મવાણી

नत्थि रागसमो अग्गि, नत्थि दोससमो गहो ।
नत्थि मोहसमं जालं, नत्थि तण्हासमा नदी ।।

પૂર્ણ એકાંતનું રસપાન કરીને તથા (એ જ રીતે) શાંતિ (નિર્વાણ) નું રસપાન કરીને વ્યક્તિ નીડર થાય છે અને ધર્મ-પ્રીતિનું રસપાન કરીને તે નિષ્પાપ થઈ જાય છે.

## બોલવાથી ન થાય : કરવાથી થાય

ધર્મનાં ત્રણ સોપાન છે : ૧. परियत्ति ૨. पटिपत्ति ૩. पटिवेधन

परियत्ति (પર્યાપ્તિ) એટલે ધર્મના શાસ્ત્રીય સૈદ્ધાંતિક પક્ષની સંપૂર્ણ જાણકારી. ધર્મગ્રંથોનું અધ્યયન કરવું, બહુશ્રુત થવું અને આ રીતે વાંચેલા–સાંભળેલા ધર્મને બૌદ્ધિક સ્તરે ચિંતન–મનન દ્વારા સારી રીતે સમજી લેવો પરિયત્તિ કહેવાય છે.

પરંતુ જો કોઈ વ્યક્તિ परियत्ति એટલે શ્રુત જ્ઞાન અને ચિંતન જ્ઞાન સુધી જ અટકી જાય, તેનાથી આગળનું કદમ ન ઉઠાવે તો સાચેસાચ ખૂબ જ અભાગી છે. परियत्ति જ્ઞાન તો પરાયું જ્ઞાન છે, પોતાનું નહિ. આવી વ્યક્તિ એવા ગોવાળ જેવી છે કે જે અન્ય લોકોની ગાયો ચરાવવા લઈ જાય છે અને સાંજે તેમના ઘેર લાવીને બાંધી દે છે. તે દરેક ગાયનું વર્ણન જાણે છે. કાળી છે, સફેદ છે, પીળી છે કે કાબરચીતરી છે. ગર્ભિણી છે, વિયાવાની છે. દૂધ આપે છે તો કઈ કેટલા શેર દૂધ આપે છે ? બધું જ વિવરણ જાણે છે. પરંતુ ગાય બીજાની, ગાયનું દૂધ બીજાનું. તેને તો એક ટીપું પણ ચાખવા નથી મળતું.

આવી વ્યક્તિ એવા રખેવાળ સમાન છે, જે સમગ્ર બગીચાનું વિવરણ જાણે છે. કુલ કેટલાં ઝાડ છે ? ક્યા ક્યા ફળનાં કેટકેટલાં ઝાડ છે ? ક્યા ક્યા ઝાડ પર કેટકેટલાં ફળ લાગેલાં છે ? બધું જ જાણે છે. પરંતુ ઝાડ બીજાનાં, ઝાડનાં ફળ બીજાનાં. તે તો માત્ર રખેવાળ જ છે. સ્વયં એક ફળ પણ ચાખી શકતો નથી.

આવી વ્યક્તિ એવા મજૂર સમાન છે કે જે પોતાના માથા પર મૂલ્યવાન વસ્ત્ર–આભૂષણોની પેટી ઉપાડીને ચાલે છે. પણ પેટી બીજાની, એની અંદરની માલમત્તા બીજાની. તે તેને અડકી પણ નથી શકતો. ફક્ત ભાર ઊંચકે છે. આવી જ દશા છે, परियत्ति ધર્મ સુધી જ સીમિત રહી જનારી વ્યક્તિની.

कालेन धम्मस्सवनं સમય સમય પર ધર્મનું શ્રવણ કરવું મંગલદાયી છે અને कालेन धम्मसा कच्छा – સમય સમય પર ધર્મ ચર્ચા કરવી મંગલદાયી છે. પરંતુ વાસ્તવમાં મંગલદાયી ત્યારે જ છે જ્યારે તે શ્રુત ધર્મને ધારણ કરવા લાગીએ. અને આ જ ધર્મપથનું બીજું પગથિયું છે જેને पटिपत्ति (પ્રતિપત્તિ) એટલે કે પ્રતિપાદન કહેવામાં આવ્યું. ધર્મનું પ્રતિપાદન કરવામાં આવે, ધર્મ ધારણ કરવામાં આવે.

જ્યારે કોઈ વ્યક્તિ શીલ–સદાચારનું જીવન જીવવા લાગે છે અને તે માટે મનને વશમાં રાખવાનો અભ્યાસ કરવા લાગે છે તો पटिपत्ति ધર્મ આરંભ થઈ જાય છે કે જે આશુફળદાયી હોય છે. આવી વ્યક્તિ પોતાનું પણ ભલું કરે છે અને બીજાઓનું પણ. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. જ્યારે–જ્યારે શીલ–સદાચારથી વિમુખ થાય છે ત્યારે–ત્યારે બીજાઓનાં સુખ–શાન્તિ ભંગ કરે છે અને સાથે–સાથે પોતાની પણ હાનિ કરે છે.

શીલ–સદાચારનું જીવન જીવવું, આત્મ–સંયમનું જીવન જીવવું, કોઈ એક સંપ્રદાય વિશેષનો ધર્મ નથી. આ તો બધાનો ધર્મ છે. સર્વને માટે સમાનરૂપે કલ્યાણકારી છે. સમજદાર વ્યક્તિ ધર્મના આ સાર્વજનિક સર્વ માંગલ્યમય સ્વરૂપને સમજીને જ તેનું પ્રતિપાદન આરંભ કરે છે.

પરંતુ આવું કરનાર વ્યક્તિ જુએ છે કે દરેક કદમ–કદમ પર મુશ્કેલીઓ આવી રહી છે – બહાર કરતાં વિશેષ અંદરની મુશ્કેલીઓ. ખૂબ જ લાંબા ભૂતકાળના સ્વભાવના કારણે વારંવાર મનનું દમન કરવું પડે છે. પ્રત્યેક દમનથી અંદરને અંદર ગાંઠો બંધાય છે, તણાવ વધે છે અને પરિણામે વ્યાકુળતા પેદા થાય છે.

આથી સમજદાર વ્યક્તિ ધર્મના તૃતીય સોપાન તરફ કદમ ઉઠાવે છે, જેને पटिवेधन એટલે પ્રતિવેધન કહે છે. તે પોતાના ચિત્તની બાબતમાં સ્વયં અનુસંધાન કરવાનું શરૂ કરે છે. ચિત્ત ઉપર ઉત્પન્ન થનારા વિકારોની બાબતમાં અનુસંધાન કરે છે. ચિત્ત અને શરીરના પારસ્પરિક સંબંધોને જાણવા માટે શરીર વિશે અનુસંધાન કરે છે. ચિત્ત વિકારોના કારણે પ્રભાવિત થતી શારીરિક સંવેદનાઓની બાબતમાં અનુસંધાન કરે છે. અનુસંધાનના પ્રારંભિક પ્રયત્નોમાં સઘન સત્યોનો જ સામનો થાય છે. શરીર સંબંધિત સઘનતા અને શરીરમાં થનારી સંવેદનાઓની સઘનતા, ચિત્ત અને ચિત્ત–વૃત્તિઓની સઘનતા. આ જ પ્રતિવેધન છે કે જે સ્થૂળતાનું વિઘટન કરતાં–કરતાં સૂક્ષ્મતમ સત્ય સુધી પહોંચાડે છે. શરીર અને ચિત્તવૃત્તિઓની બાબતમાં અંતિમ સત્યનો સાક્ષાત્કાર કરાવે છે.

પ્રતિવેધનની આ પ્રક્રિયામાં સહજભાવથી મનના વિકારો દૂર થવા લાગે છે. મનની ગાંઠો ખૂલવા લાગે છે. વિવિધ પ્રકારે પ્રતિવેધન કરનારી વિપશ્યના સાધના દ્વારા સાધક એક–એક સઘન કર્મ–ગ્રંથિઓને પીંજી–પીંજીને ખોલે છે. તેના તારેતાર અલગ કરી નાખે છે તો વિકાર–વિમુક્ત થઈ જાય છે, દુઃખ–વિમુક્ત થઈ જાય છે. આખરે શરીર અને ચિત્તની પેલે પાર જે પરમ સત્ય છે, તેનો પણ સાક્ષાત્કાર કરી લે છે. આ રીતે ધર્મની યાત્રા પૂરી કરીને માનવ જીવન સફળ બનાવી લે છે.

પરિયત્તિ પ્રતિપત્તિ માટે છે. પ્રતિપત્તિ પ્રતિવેધન માટે છે. પ્રતિવેધન વિકાર–વિમુક્તિ માટે છે. ધર્મનો આ સાર્વજનિક વૈજ્ઞાનિક પક્ષ ધારણ કરવાથી જ ફળદાયી થાય છે, મંગલદાયી થાય છે. આની ફક્ત ચર્ચા કરીએ, માત્ર શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરીએ અથવા બુદ્ધિના સ્તરે ચિંતન–મનન કરીએ, પણ ધારણ ન કરીએ તો કોઈ લાભ થતો નથી. આ સંદર્ભમાં કબીરના આ બોલ કેટલા સાર્થક લાગે છે.

**कथै, बदै, सुणै सब कोई ।**

– સહુ કોઈ કહે છે, બોલે છે, સાંભળે છે, પણ

**कथै न होई, कीयै होई ।**

– કહેવાથી કશું નથી થતું, જે કલ્યાણ થાય છે તે તો કરવાથી જ થાય છે.

આથી સાધકો ! માત્ર કહીને, સાંભળીને ન રહી જઈએ; આવો કરીએ, ધર્મધારણ કરીએ ! પરિયત્તિના ક્ષેત્રથી આગળ વધીને પ્રતિ–પત્તિના અને પ્રતિવેધનના ક્ષેત્રો તરફ આગળ વધીએ અને સાચા અર્થમાં પોતાનું કલ્યાણ સાધી લઈએ.

**– કલ્યાણમિત્ર**

**સત્ય નારાયણ ગોયન્કા**

(''જાગે પાવન પ્રેરણા'' ના પૃષ્ઠ ૧૯૧ પરથી સાભાર)

## દક્ષિણ ગુજરાતમાં થતી સામૂહિક સાધના અને એક દિવસીય શિબિરોની માહિતી

| વિગત | સ્થળ | દિવસ | સમય | સંપર્ક |
|---|---|---|---|---|
| સામૂહિક સાધના | 'સમતા', નહેરૂ નગર, ઈચ્છાનાથ, સુરત. | દરરોજ | સવારે ૭.૧૫ થી ૮.૧૫ | હિતેષભાઈ વૈદ્ય ફોન : (૦૨૬૧) ૩૨૬૦૯૬૧ |
| એક દિવસીય શિબિર | 'સમતા', નહેરૂ નગર, ઈચ્છાનાથ, સુરત. | દર મહિનાના પહેલા રવિવારે | સવારે ૭.૩૦ થી ૧૨.૩૦ | હિતેષભાઈ વૈદ્ય ફોન : (૦૨૬૧) ૩૨૬૦૯૬૧ |
| સામૂહિક સાધના | ડી–૩/૨, સ્ટાફ ક્વાટર્સ, ગાંધી એન્જી. કોલેજ કેમ્પસ, મજુરા ગેટ, સુરત. | દરરોજ | સાંજે ૫.૦૦ થી ૬.૦૦ | છગનભાઈ પરમાર ફોન : (૦૨૬૧) ૨૬૫૩૮૧૩ |
| બાળ આનાપાન શિબિર | વાડિયા વિમેન્સ કોલેજ, મૈસુર કાફેની ગલીમાં, અઠવાગેટ, સુરત. | દર મહિનાના બીજા રવિવારે | સવારે ૮.૦૦ થી ૧૨.૩૦ | નીરૂબેન – મો. ૯૯૦૯૧ ૧૦૯૯૧ |
| સામૂહિક સાધના | વંદે માતરમ્ એપાર્ટમેન્ટ, શાંતાદેવી રોડ, નવસારી | દર મહિનાના બીજા અને ચોથા રવિવારે | સવારે ૮.૦૦ થી ૯.૦૦ | વસંતભાઈ લાડ – મો. ૦૯૪૨૮૧ ૬૦૭૧૪ |
| એક દિવસીય શિબિર | વંદે માતરમ્ એપાર્ટમેન્ટ, શાંતાદેવી રોડ, નવસારી | દર મહિનાના પહેલા રવિવારે | સવારે ૭.૩૦ થી ૧૨.૩૦ | વસંતભાઈ લાડ – મો. ૦૯૪૨૮૧ ૬૦૭૧૪ |
| સામૂહિક સાધના | પ્રવિણ મહાલ, હાલર રોડ, વલસાડ. | દર રવિવારે | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | અશોકભાઈ વીજ – મો. ૦૯૪૨૯૪ ૭૪૦૫૬ |
| એક દિવસીય શિબિર | પ્રવિણ મહાલ, હાલર રોડ, વલસાડ. | દર મહિનાના બીજા રવિવારે | સવારે ૭.૩૦ થી ૧૨.૩૦ | અશોકભાઈ વીજ – મો. ૦૯૪૨૯૪ ૭૪૦૫૬ |
| સામૂહિક સાધના | આરતી એપાર્ટમેન્ટ, સરદાર પટેલ રોડ, બીલીમોરા. | દર રવિવારે | સાંજે ૫.૦૦ થી ૬.૦૦ | રામગોપાલ અગ્રવાલ – મો. ૦૯૩૭૫૧ ૫૨૫૩૧ |
| એક દિવસીય શિબિર | આરતી એપાર્ટમેન્ટ, સરદાર પટેલ રોડ, બીલીમોરા. | દર મહિનાના છેલ્લા રવિવારે | સવારે ૭.૦૦ થી ૧૨.૦૦ | રામગોપાલ અગ્રવાલ – મો. ૦૯૩૭૫૧ ૫૨૫૩૧ |
| સામૂહિક સાધના | ડી–૩૫/૨, અણુમાલા ટાઉનશીપ, અણુમાલા, જીલ્લો – તાપી. | દરરોજ | સાંજે ૬.૦૦ થી ૭.૦૦ | યશવંત ભગત – મો. ૯૪૨૮૮ ૨૨૩૩૯ |
| એક દિવસીય શિબિર | ડી–૩૫/૨, અણુમાલા ટાઉનશીપ, અણુમાલા, જીલ્લો – તાપી. | દર મહિનાના બીજા રવિવારે | સવારે ૭.૩૦ થી ૧૨.૩૦ | યશવંત ભગત – મો. ૯૪૨૮૮ ૨૨૩૩૯ |
| સામૂહિક સાધના | આહવા – ડાંગ | દરરોજ | સાંજે ૬.૦૦ થી ૭.૦૦ | ભાઈદાસભાઈ મોરે – ફોન (૦૨૬૩૧) ૨૨૧૦૮૨ |

## મંગલ મૃત્યુ

**ડો. મેહુલ બાવીશી - સુરેન્દ્રનગર**

**(સુરેન્દ્રનગરના સાધક ડો. બાવીશીનું થોડા સમય અગાઉ મંગલ મૃત્યુ થયું. તેમના પુત્ર મેહુલ બાવીશી પાસેથી તેમનાં અંતિમ સમયની સ્થિતી અંગે પત્ર મળેલ છે, જે અત્રે પ્રસ્તુત છે. – સંપાદક)**

પપ્પાના મૃત્યુના આશરે પોણા બે વર્ષ પહેલાં અચાનક જ જ્યારે પહેલી વાર ખબર પડી કે તેમના લિવરમાં કેન્સરની ત્રણ ગાંઠો છે. તેની અસરકારક સારવાર પદ્ધતિ કદાચ છે જ નહીં – દિવસ પછીની સવારે ઉઠીને તેમણે કહ્યું કે ''રાત્રે સુવામાં કોઈ જ તકલીફ પડી નથી. કોઈ પ્રકારનું ટેન્શન કે ડરનો અનુભવ થયો નથી. રાત્રે સુતાંની સાથે જ શ્વાસ ઉપર ધ્યાન લાગી ગયું અને સંવેદનાની અનિત્યતા અનુભવતા ઊંડી નીંદર લાગી ગઈ.''

કેન્સરનું નિદાન થયા પછી – એક ડોકટર તરીકે તેમને ખબર હતી કે હવે count down ચાલુ થઈ ગયું છે. છતાં ઘણીવાર કહેતા કે ''મોતની કોઈ બીક કે ચિંતા નથી પણ માત્ર અંતિમ સમયે શ્વાસ કે સંવેદના અનિત્યભાવે જોઈ શકું તેનો જ વિચાર અને સંકલ્પ આવ્યા કરે છે. છેલ્લા મહિનાઓમાં તેમણે વિપશ્યનાના બોધને પ્રેક્ટીકલ લાઈફમાં ઉતારેલ. વીતદ્વેષ થવાની સંપૂર્ણ કોશિશ કરી. ખાસ કરીને જુની કડવાશવાળા સંબંધોમાં ખૂબ જ સમતાભાવપૂર્વક મીઠાશ ઉમેરી સુધાર્યા – બધાંનું સારું જ વિચારતા અને કોઈપ્રત્યે દ્વેષ ન રાખવાની જ સલાહ આપતા. પોણા બે વર્ષમાં તેમની સાથે રહેતા કે વાતો કરતાં એવું લાગે જ નહીં કે તેમને કેન્સર જેવી ગંભીર બિમારી છે. હંમેશા લાઈટ મૂડમાં હસાવતા રહેતા. ઘણાં લોકોને વિપશ્યના માટે તૈયાર કર્યાં. કેન્સરની દવાની આડઅસર હોવા છતાં વિપશ્યનાના પ્રચાર માટે પ્રયત્નશીલ રહેતા. અંતિમ દિવસોમાં પેટમાં દુઃખાવો ખૂબ હતો. છેલ્લા ગુરૂવારે (રવિવારે સ્વર્ગવાસ થયો) જ્યારે મુંબઈ થી આવ્યા ત્યારે એક અલગ પ્રકારની આભા તેમના મુખ પર વરતાતી હતી. (મેં, મારી વાઈફ અને મારા કાકાએ તેને નોંધેલી પછી ડીસકસ પણ થયું હતું) મૃત્યુના આગલા દિવસે ઓપરેશનમાં પેટમાંથી દોઢ થી ૨ લીટર રસી (પરૂ) નીકળી, ત્યારે સર્જન પણ આશ્ચર્યચકિત થઈ ગયા કે કોઈ માણસ આટલી બધી રસી પેટમાં હોય અને કેવી રીતે હરતાં–ફરતાં, હસતાં રહી શકે. પેટમાં થોડી રસીથી પણ રહેવાય નહીં, તેવો દુઃખાવો થાય. ઓપરેશન પછી એક દિવસમાં તેમનું મંગલ મૃત્યુ થયું.

**ધમ્મ અંબિકા,**
**વિપશ્યના ધ્યાન કેન્દ્ર**
બોરીયાચ ટોલનાકાથી લગલવાડ રોડ પર - ૨ કિ.મી.
મુ. પોસ્ટ - વગલવાડ, વાયા - વેગામ
તા. ગણદેવી, જિ. નવસારી, દક્ષિણ ગુજરાત.

# નિમંત્રણ

**કાર્યાલય :**
૧૦૨, વિતરાગ ચેમ્બર્સ
૬/૧૪૦૭, થોભા શેરી, મહિધરપુરા,
સુરત - ૩૯૫ ૦૦૩.
ફોન : (૦૨૬૧) ૩૨૬૦૯૬૧

સ્નેહી શ્રી ધર્મબંધુ / બહેન

**વિષય : જૂના સાધકોનું સંમેલન અને વિપશ્યના ધ્યાનકેન્દ્રના શિલાન્યાસ પ્રસંગે નિમંત્રણ**

ધર્મની અસીમ કૃપાથી દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં 'ધમ્મ અંબિકા' વિપશ્યના ધ્યાન કેન્દ્રનું નવનિર્માણ થવા જઈ રહેલ છે. નવસારી તથા બીલીમોરાથી આશરે ૧૫ કિ.મી., અને સુરતથી ૫૪ કિ.મી., વલસાડથી ૪૨ કિ.મી. દૂર ૧૫ વીઘા જમીનમાં આકાર પામી રહેલ કેન્દ્ર, અંબિકા નદી નજીક, કુદરતી રીતે રમણીય, શાંત તથા હરીયાળી વચ્ચે આવેલ છે. આ કેન્દ્ર પર ૧૦૦ સાધક ભાઈ-બહેનો માટેના ધમ્મહોલ, શૂન્યાગાર, કિચન-ડાઈનિંગ, સાધક/સાધિકા માટે આવાસો, ઓફિસ, વગેરેનું આયોજન કરવામાં આવેલ છે.

ધર્મ પ્રચારના મંગલકારી મિશનમાં સક્રિય એવા આપણે સહુ, સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન-મનન કરી શકીએ એ માટે જૂના સાધકોના સંમેલનનું આયોજન કરેલ છે. (જૂના સાધક એટલે જેમણે ઓછામાં ઓછામાં ઓછી વિપશ્યના સાધનાની એક દસ દિવસની શિબિર પ.પૂ. એસ.એન. ગોયન્કાજીની પરંપરામાં કરેલ છે.)

વિપશ્યના સાધના જેવી અણમોલ વિદ્યાના માર્ગ પર ચાલીને પોતાની પુણ્ય પારમી વધારવાનો સુઅવસર આ તપોભૂમિ પર અનેક સાધક ભાઈ-બહેનોને વર્ષો સુધી મળતો રહેશે. આવા પાવન સ્થાનના નિર્માણનો શિલાન્યાસ આપ સૌની હાજરીમાં ધર્મના તરંગોથી તરંગિત એવા વાતાવરણમાં કરવાનું નિર્ધારિત છે.

આ પૂણ્ય પ્રસંગે અચૂક હાજર રહી આપની પુણ્ય પારમિતાઓ વધારવાના અવસરનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે.

**સ્થળ :** ધમ્મ અંબિકા - વિપશ્યના ધ્યાનકેન્દ્ર

**સમય :** તા. ૯-૧-૨૦૧૧, રવિવાર સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી. આપના વિપશ્યી મિત્રોને આ જાણકારી આપવા વિનંતી. કેન્દ્ર પર પહોંચવા માટે જૂદા જૂદા શહેરોમાંથી નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| શહેર | સ્થળ | સમય | સંપર્ક |
|---|---|---|---|
| સુરત | એન્જિનિયરીંગ કોલેજ - ઈચ્છાનાથ<br>આર.ટી.ઓ. - રીંગરોડ<br>ઉધના દરવાજા - એપલ હોસ્પિટલ<br>સુરત રેલ્વે સ્ટેશન<br>હિરાબાગ સર્કલ - વરાછા રોડ<br>નાના વરાછા - સીમાડા ચોકડી | ૬.૧૫ | પુરૂષોત્તમભાઈ પાટીદાર - મો. ૯૮૯૮૧ ૭૦૪૪૩<br>રૂપલબેન ચાવડા - ફોન (૦૨૬૧) ૨૬૬૩૦૩૦<br>અરવિંદભાઈ મોદી - મો. ૯૩૭૫૪ ૧૧૮૧૭<br>ગીરધરભાઈ વેકરીયા - મો. ૯૪૨૯૨ ૬૨૭૫૯<br>૯૩૭૪૫ ૩૯૭૯૫<br>હિતેશ વૈદ્ય - ફોન (૦૨૬૧) ૩૨૬૦૯૬૧ |
| નવસારી | ગ્રીડ - નેશનલ હાઈવે | ૭.૧૫ | વસંતભાઈ લાડ - ફોન (૦૨૬૩૭) ૨૫૫૨૫૯, મો. ૯૪૨૮૧ ૬૦૭૧૪<br>કિન્નરીબેન દેસાઈ - ફોન (૦૨૬૩૭) ૨૫૮૪૫૬ |
| બીલીમોરા | એસ.ટી. સ્ટેન્ડની બાજુનો પેટ્રોલ પંપ | ૭.૧૫ | રમેશભાઈ પટેલ - મો. ૯૮૨૫૧ ૯૮૮૯૪<br>ડો. મોહનભાઈ પટેલ - ફોન : (૦૨૬૩૪) ૨૮૨૫૫૧ |
| વલસાડ | સર્કીટ હાઉસ | ૬.૩૦ | અશોકભાઈ વીજ - મો. ૯૪૨૯૪ ૭૪૦૫૬ |
| ચીખલી | હાઈવે બ્રીજની નીચે | ૭.૦૦ | બાબુરાવ - મો. ૯૪૨૬૧ ૨૪૧૧૮ |

મંગલ મૈત્રી સાથે, વિપશ્યના ધ્યાન કેન્દ્ર ''ધમ્મ અંબિકા''

- સાધકોને નમ્ર નિવેદન કે ફોનથી આપની ઉપસ્થિતિની જાણ ઉપરની કોઈપણ વ્યક્તિને તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં અવશ્ય કરશોજી, જેથી ઉચિત વ્યવસ્થા થઈ શકે. કદાચ ન આવી શકાય તેમ હોય તો આવેદનપત્ર કાર્યાલય ઉપર પોષ્ટ કરવા નમ્ર વિનંતી.
- દક્ષિણ ગુજરાત સિવાયના સ્થળેથી આવનાર સાધક ભાઈ-બહેનોને છગનભાઈ પરમાર - ૯૯૨૪૪ ૪૮૭૨૬ અથવા નરેન્દ્રભાઈ ભરવાડા - ૯૮૨૫૧ ૬૨૨૨૬ નો સંપર્ક કરવા વિનંતી, વિપશ્યનાના સહાયક આચાર્ય, આચાર્ય વિ. એ તેમની આવવાની જાણ છગનભાઈ કે નરેન્દ્રભાઈને કરવી.

# આવેદન પત્ર

નામ :__________________ ઉંમર :__________ પુરૂષ/સ્ત્રી, અભ્યાસ __________

સરનામું :__________________

ફોન :__________ મોબાઈલ :__________ ઈ-મેલ __________

વ્યવસાય : નોકરી (હોદ્દો)/ધંધો/વિદ્યાર્થી/નિવૃત્ત, ધંધાની વિગત (કંપનીનું નામ)__________

| | ૧૦ દિ. | સતિપટ્ઠાન | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સેવા |
|---|---|---|---|---|---|---|
| **કુલ કેટલી શિબિર કરી** | | | | | | |

**આપ ક્યાં પ્રકારની સેવા આપવા ઈચ્છો છો ?** __________

| | | | | |
|---|---|---|---|---|
| • બાંધકામ/પ્લમ્બીંગ/ઈલેક્ટ્રીક કામના અનુભવી કોન્ટ્રાક્ટર મેળવવામાં | • બાંધકામ માટે જરૂરી માલ-સામાન વાજબી કિંમતે મેળવી આપવામાં | • નિયમિત કેન્દ્ર પર સમય આપીને (પાર્ટ/ફૂલ ટાઈમ) | • ધમ્મ સેવા અન્ય કોઈ સેવા | • વિશેષ ધમ્મ સેવા માટે આપનો સંપર્ક કરી શકાય ? હા / ના |

